ગાંધીનગર સમાચાર
તા. ૬-૧-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ચિનુમોદીને સાહિત્ય અકાદમી એવોર્ડ

પચીસ વર્ષ મોડો પણ આખરે કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ ચિનુ મોદીનું ઘર શોધતો આવ્યો એનો હરખ જ કરીએ. બહુ જ મોટા ગજાના આ સર્જકને કોઈને કોઈ કારણસર વખારે નાખી મુકાયા હતા. છેલ્લે મોરારિબાપુ પ્રેરિત નરસિંહ મહેતા એવોર્ડથી નવાજવામાં આવ્યા ત્યારે પણ એવોર્ડ લાભશંકર ઠાકર અને સિતાંશુ મહેતાએ નહીં સ્વીકાર્યો ત્યારે 'શોધી ચડાવો શૂળીએ, જાડા નરને જોઈ' વાળી અંધેરી નગરીની રસમ મુજબ આપી દેવો પડ્યો હોય એવું, કોથળામાં પાંચ શેરી કૂટી નાખવા જેવું વાતાવરણ સરજાવા પામ્યું હતું. મોરારિબાપુ ચિનુ મોદીને નવી પેઢીના સર્જકોની જેમ ચિનુ કાકા અને ક્યારેક તો ચિનુ બાપા કહી સંબોધે છે. અંગત જીવનની વિષમતાઓનો ખુલ્લો એકરાર કરનારા આ મૂઠી ઊંચેરા કવિ-નાટ્યકાર ગુજરાતી પ્રજાના લાડકા કવિ છે. પરંતુ સાહિત્ય જગતની ઘણી ધોરી થઈ બેઠેલી એક ખાસ ટોળકીએ એમને હરહંમેશ ટાળવાના જ કારસા કર્યા છે. અલબત્ત આવા ઉપેક્ષિત સર્જકોની સંખ્યા પણ ડઝનેક આંકડો આંબી જાય એવડી છે. ગાંધીનગરમાં આયુષ્યનો અંતિમ અધ્યાય પસાર કરી રહેલ મોહંમદ માંકડ, ગુણવંત શાહ, સ્વામી સચ્ચિદાનંદ, પ્રશિષ્ટ નવલકથાકાર દિનકર જોષી કે સિદ્ધહસ્ત સર્જક ડો. કેશુભાઈ દેસાઈ અને રજનીકુમાર પંડ્યાનાં નામ તરત જ સ્મરણે ચડે. એમનાં કરતાં ઓછા જાણીતા અને ઊતરતી કક્ષાના તેમજ જુનિયર સાહિત્યકારોને આ એવોર્ડ ક્યારનોય મળી ચૂક્યો છે. આમાં જે પ્રકારનો વાટકી વ્યવહાર ચાલતો રહ્યો છે તે હવે ગુજરાતી સાહિત્ય જગત માટે અજાણી બાબત નથી. પરંતુ એવી દ્વારકાની છાપ વગર પણ ચંદ્રકાન્ત બક્ષી જેવા મોટા લેખકોએ એમનો આગવો માર્ગ કંડારીને સર્જકતાનો વિજય વાવટો ફરકાવ્યો છે. ચિનુ મોદી એ કોઈ એવોર્ડનો મોહતાજ સર્જક નથી રહ્યો. ગુજરાતી ગઝલનું એ ગરવું શિખર છે અને નાટ્યક્ષેત્રે એમણે યાદગાર પ્રદાન કર્યું છે. એમણે કથા સાહિત્ય અને વિવેચન ક્ષેત્રે પણ પ્રદાન કર્યું છે. ગુજરાતી ઉપરાંત ચિનુ મોદીની ઉર્દૂ ગઝલોનો સંગ્રહ પણ પ્રગટ થયો છે. ગઝલ અને સોનેટથી પ્રેમાનંદ પ્રકારનાં આખ્યાન કાવ્યો સુધી એમની ગતિ છે. એમનો અમૃત મહોત્સવ ઉજવાયો ત્યારે ગુજરાતી સાહિત્ય જગતમાં નવો જ ચીલો ચાતરાયો હતો. એ પોતે પ્રણાલિકાભંજક છે એટલે એમનું અમૃત પર્વ પણ એવી જ શૈલીમાં ઉજવાયું હતું. એમનાં નાટકોની ભજવણી દ્વારા પ્રશંસકો અને સર્જકોએ એમાં ઉમળકાભેર ભાગ લીધો હતો. ચિનુ મોદીને હાંસિયે મૂકવાના પ્રયાસો આખરે વાંઝિયા નીવડ્યા અને કોઈ પણ એવોર્ડ કરતાં ગુજરાતની પ્રજાના હૈયે અંકિત થયેલી એમની છવિ જ એમના માટે સૌથી મોટું સન્માન બની રહી છે. હજી એમને રણજિતરામ મળવો બાકી છે. પરંતુ એથી શું? ચિનુ મોદી તો પોતે જ ગિરગૂર્જરીને મળેલો સોહામણો એવોર્ડ બની રહ્યા છે. એમના કથળતા સ્વાસ્થ્યમાં પંચોતેરમે વર્ષે જે મોટી ઘાત આવી એમાંથી ઉગરી ગયા એ જ શું સરસ્વતીના આ લાડકા પુત્રને મળેલું મોટું પારિતોષિક નથી? ચિનુ મોદી શતાયુ બને અને ગુજરાતી ભાષાને સવિશેષ સમૃદ્ધ કરતા રહે એ જ શુભેચ્છા. ખરું પૂછો તો આપણી ભાષા આવા લોકપ્રિય સર્જકો થકી જ જીવતી રહેવાની છે.





ગાંધીનગરની નૃત્યની વિવિધ -વૃત્તિઓ સાથે સંકળાયેલ તેમજ કથક નૃત્ય પારંગત જયતિ બ્રહ્મભટ્ટ દ્વારા ચલાવાતી સંસ્થા કલાઘાટની વિદ્યાર્થીનીઓ મિહિકા પટેલ, રુત્વી, અને ગજલએ પદ્મવિભૂષણ શ્રી બિરજૂ મહારાજના અમદાવાદ ખાતેના રોકાણ દરમ્યાન કથકની વિદ્યાર્થીનીઓની તાલીમ માટે પસંદગી કરી તેમાં આ વિદ્યાર્થીનીઓની તાલીમ માટે પસંદગી થતા તેઓએ અમદાવાદની હઠીસિંગ વિઝ્યુલ આર્ટ ગેલેરી ખાતે પંડિત બિરજૂ મહરજે દિવસ દરમ્યાન સતત ૪ દિવસ કથક નૃત્યની તાલીમ આપી. આ તાલીમ દરમ્યાન સુ. શ્રી. સાસ્વતી સેન જેવા ઉચ્ચ કોટીના મહારાજજીના શિષ્યા પણ મહારાજજી સાથે માર્ગદર્શન આપવા ઉપસ્થિત હતા. આ તાલીમ દરમ્યાન મહારાજજી પાસેથી કથક નૃત્યની બારીકીઓની સમજ મેળવી એક અદભૂત અનૂભવ -ïઙ્ગ થયો હતો. ખૂબજ કઠીન લાગતી મુદ્રાઓ પણ ખૂબ જ સહજતાથી સમજાવી સરળ બનાવી તેને શીખવી હતી. હાલમાં ચાલી રહેલા સપ્તક સમારોહના તેમના રોકણના કારણે આ લાભ મેળવી શકાયો. આ દરમ્યાન કલાઘાટ સંસ્થાના જયતિ બ્રહ્મભટ્ટએ પણ ઉચ્ચ તલીમ લીધી હતી. જેમાં તાલ ઝપતાલ તથા દરબારી રાગમાં તરાનાની તાલીમ આપવામાં આવી હતી.

## કોલવડા પગાર કેન્દ્ર શાળામાં એન.એસ.એસ. કેમ્પ યોજાયો : ગામમાં સફાઈ કરવામાં આવી

### આર.જી. પટેલ કન્યા, એસ.બી. પટેલ ઉચ્ચત્તર શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૫

કડી કેમ્પસ સે. ૨૩ ખાતે આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળા દ્વારા એન.એસ.એસ. કેમ્પ કોલવડા પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યો હતો.

શહેરની શિક્ષણક્ષેત્રે અગ્રેસર એવી શ્રીમતી આર.જી. પટેલ, કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળા દ્વારા એન.એસ.એસ. કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

તા. ૧૩ ડિસેમ્બરથી તા. ૨૦ ડિસેમ્બર દરમ્યાન યોજાયેલ એન.એસ.એસ. કેમ્પમાં વિદ્યાર્થીઓએ 'બેટી વધારો' 'એક ડાળના પંખી' નાટક રજુ કર્યા હતા. અને સમગ્ર કોલવડા ગામમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન વિદ્યાર્થીનિઓએ મહિલાઓને બેટી વધાવો નાટક બતાવી મહિલાઓને સંદેશ આપ્યો હતો કે દિકરીથી ઘર ઉજળુ કાર્યક્રમ દરમ્યાન પ્રાથમિક શાળામાં શિક્ષકદિન, રમત-ગમત સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અશોકભાઈ પટેલ ધારાસભ્ય, હસમુખભાઈ પટેલ, કડી કેમ્પસના ડાયરેક્ટર સોમાભાઈ પટેલ, સરપંચ રમેશભાઈ પટેલ, અચાર્યા સુધાબેન પટેલ, દિલહરબા, પ્રિતીબેન શુકલા, અમિતાબેન, જ્યોત્સનાબેન સહિત શાળા પરિવાર હાજર રહ્યો હતો.

## ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા નેશનલ ફોટોગ્રાફી વર્કશોપનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા રાષ્ટ્રીયકક્ષાનો ફોટોગ્રાફી વર્કશોપ તા. ૬-૧-૧૪થી ૧૨-૧-૧૪ સુખી રવિશંકર રાવળ કલાભવન, લલિકલા અમદાવાદ ખાતે યોજાઈ રહ્યો છે. આ વર્કશોપમાં ફોટોગ્રાફી ક્ષેત્રે વિશેષ ગૌરવ ધરાવતા રઘુરાયના અધ્યક્ષ પદે પ્રારંભ થશે.

આ પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગ નાયબ સચિવ ભાવેશ એરડા, ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સચિવ મનોજ શુકલ તથા વર્કશોપના આયોજનક -સહાયક શૈલેષ રાવલ ઉપસ્થિત રહીને ગુજરાતમાંથી પસંદ પામેલા ૬૦ શિબિરાર્થીઓને માર્ગદર્શન આપશે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, ચૂંટણીની તારીખો નક્કી થવામાં છે હવે, મહિલા કાર્યકર ઉપરાંત પુરુષ કાર્યકરની પણ જરૂર પડશે... !!

## સાદરામાં ૧૧મીએ શાળાકીય રમતોત્સવ

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોનો જિલ્લા કક્ષાનો રમતોત્સવ આગામી ૧૧મી જાન્યુઆરીના રોજ સાદરા મુકામે યોજાશે. જેમાં ૧ હજારથી પણ વધુ બાળકો ભાગ લેનાર છે. આ રમતોત્સવની વિશેષતા એ છે કે બાળકો સાથે શિક્ષકો પણ જોડાનાર છે. જિલ્લાના ૩૦૦ થી પણ વધુ શિક્ષકો વચ્ચે યોગાસન સહિતની વ્યક્તીગત સ્પર્ધાઓ યોજાવાની છે.

સાદરા ખાતે યોજાનાર આ રમતોત્સવને લઈ શાળાઓ દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સાદરાના આ રમતોત્સવમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ ખાસ હાજરી આપનાર હોવા ઉપરાંત શિક્ષણ સમિતિના ચેરમેન સહિત અનેકવિધ મહાનુભાવો પણ ઉપસ્થિત રહેનાર છે.



### વિવિધ સ્પર્ધા યોજાઈ

તાજેતરમાં ગોઝારીયા પ્રાથમિક કન્યા શાળા ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધો. ૩ અને ૪ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં લીંબુ ચમચી, દોરડાકૂદ, દેડકાદોડ, ફુગ્ગાફોડ જેવી રમતો યોજાઈ હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ગુજરાતી લોકોમાં દોડ જીવનનો ઉત્સવ : મોદી

અમદાવાદ, તા.૦૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદ મેરેથોન ૨૦૧૪ને લીલીઝંડી આપતીવેળા કહ્યું હતું કે, દોડ સ્પર્ધામાં કદમ સાથે મન અને મક્સદ જોડાય છે અને સમાજને જોડવાનો અવસર છે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, દોડવીરો ખેલદિલી પૂર્વક આમા ભાગ લઈ રહ્યા છે. આ ખેલદિલી રાખવા બદલ મોદીએ તમામને અભિનંદન આપ્યા હતા. ઉમંગ અને ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. મોદીએ એમપણ કહ્યું હતું કે, ગુજરાતી લોકોમાં દોડ ગતિની સ્પર્ધા જીવનનો ઉત્સવ બની ગયો છે. રાજયના ચાર શહેરો મેરેથોનમાં જોડાયા છે. મેરેથોન દોડપ્રસંગે અમદાવાદના મેયર મીનાક્ષીબેન પટેલ, ડેપ્યુટી મેયર રમેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનર કે મહાપાત્રા ઉપસ્થિત રહ્યા હતા. અન્ય હોદ્દેદારો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પતિ અને પત્નીએ છૂટા પડતી વખતે બાળકનો સંયુક્ત રીતે વિચાર કરવો જોઈએ અને હરહાલતમાં બાળક લાગણીથી વંચિત ન રહે તે બાબતે કાળજી લેવી જોઈએ

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૫**
**ડો. ભાવના કે. જોશીપુરા**

જીવતી અને મોહન અને બંનેના આગલા ઘરના બાળકો એ બાબતે વિગતે જણાવું તો, જીવતીના અગાઉ બે વાર લગ્ન થઈ ચૂક્યા હતા અને બંનેનું આ ત્રીજું લગ્ન હતું. બંનેના આગલા બંને લગ્નજીવનને કારણે થયેલા સંતાનો એમ કુલ પાંચ બાળકો જીવતી અને મોહને સાચવવાના હતા. આંગળીયાત બાળક અને તેના પ્રશ્નો એ કોઈ નવી સમસ્યા નથી. તેના ઉપર અનેક નવલકથાઓ પણ લખાયેલ છે. આવી બધી બાબતોથી સમાજના લોકો વાકેફ નથી એવું નથી પરંતુ કેટલીક બાબતોને પરાણે સ્વીકૃતિ આપવી પડે છે. બાળક જો માતા પાસે હોય અને માતા અને પિતાનું કોઈપણ કારણોસર છૂટા પડવાનું થાય ત્યારે બંનેમાંથી કોઈએક પાસે બાળકનો કબજો અને વાલીપણું રહે છે. જો માતા પાસે બાળકનો કબજો રહે અને એવી માતાના જયારે પુનઃ લગ્ન થાય ત્યારે મહદ્ અંશે માતા બાળકને સાથે લઈને જતી હોય છે અને આ પ્રકારના બાળકોને આંગળીયાત બાળકો કહેવામાં આવે છે.

સ્વાભાવિક રીતે માતા જે બાળકને સાથે લઈને ગઈ હોય અને જન્મથી તેણીની પાસે રહ્યું હોય તેવું બાળક માતાને વહાલું હોય. પિતાની બાબતમાં પણ કાંઈક અંશે એમ જ સ્થિતિ જોવા મળે છે. જ્યારે પરીણિત સ્ત્રી અને પુરુષ એટલે કે પતિ-પત્ની એકબીજાથી કોઈપણ સંજોગોમાં છૂટા પડે ત્યારે જો પતિ બાળકોને સ્વીકારે અને આ બાળક પતિ સાથે પણ લાગણીના તંતુએ જોડાયેલું હોય છે અને એમ આવો પુરુષ જો પુનઃ લગ્ન કરે તો પોતાના આગલા ઘરના બાળકની માયા, મમતા, લાગણી યથાવત રહે છે. સર્વોચ્ચ અદાલતે પણ પિતાને કુદરતી વાલી ગણાવ્યો છે તે બાબતમાં તથ્યતો છે જ.

પતિ અને પત્ની વચ્ચેની તકરારમાં બાળકનું વાલીપણું અને કબજો એ પણ એક ત્રીજા પ્રકારની તકરાર બને છે. આ સંદર્ભે 'ગાર્ડીયન અનેડ વોર્ડઝ એકટ' અસ્તિત્વમાં છે. આપણે આ કોલમમાં ભવિષ્યમાં આ કાયદા વિશે વિગતવાર ચર્ચા કરવાના છીએ. પરંતુ હાલમાં તો આ કાયદાનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે બાળકોનું ભવિષ્ય, સલામતી વગેરે સંદર્ભમાં પતિ અને પત્ની એટલે કે માતા અને પિતા બંનેમાંથી કોની પાસે વધારે સારી રીતે બાળક સચવાઈ શકશે તે સંદર્ભે કાયદામાં વિશેષ જોગવાઈ છે અને છતાં જોવા જેવી એવી બાબત છે કે જીવતી અને મોહન જેવા કેસો રોજબરોજ બનતા રહે છે. પતિ અને પત્ની છૂટા પડ્યા હોય અને આવા બાળકની સારસંભાળ અને કાળજી લેવા સક્ષમ ન હોય તો તેવા બાળકો માટે સ્પેશ્યલ હોમ ફોર બોયઝ અને સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સની પણ જોગવાઈ છે. આવા અનેક બાળકોના સંપર્કમાં રોજબરોજ આવવાનું થાય છે અને તેના આધારે, તેઓની મનોવેદનાના આધારે એવું લાગે છે કે પતિ અને પત્નીએ છૂટા પડતી વખતે બાળકનો સંયુક્ત રીતે વિચાર કરવો જોઈએ અને હરહાલતમાં બાળક લાગણીથી વંચિત ન રહે તે બાબતે કાળજી લેવી જોઈએ.

આપણે મહિલાઓનું વિચારતા બાળકો તરફ ધ્યાન કેન્દ્રીત કરીએ પરંતુ એવું લાગે છે કે આ બધી જ બાબતો અરસપરસ જોડાયેલી છે. પતિ અને પત્ની છુટા પડયા બાદ તેઓનું પુનઃ લગ્ન થાય અને ત્યાર પછી બાળકોના પ્રશ્નો ઉભા થાય તેવું આજસુધી બનતું આવ્યું છે. અલબત્ત કેટલાક કેસોમાં આવા બાળકોને સગી જનેતાથી પણ વધારે પ્રેમ સાવકી માતાએ આપેલ હોય તેવા કિસ્સાઓ અનેક જોયા છે.

**સર્વોચ્ચ અદાલતે પણ પિતાને કુદરતી વાલી ગણાવ્યો છે તે બાબતમાં તથ્યતો છે જ**

સમાજમાં સારી બધી બાબતો તો છે જ પરંતુ અહીં આપણે જે પ્રશ્નો ઉભા થાય તે સંદર્ભે વિચાર કરવાનો છે તેથી પતિ-પત્નીના તકરારમાં ઉભા થતા પ્રશ્નોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

જયારે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અસ્તિત્વમાં ન હતો અને ભારતીય ફોજદારી ધારામાં કલમ-૪૯૮(અ) પણ આવી ન હતી ત્યારે પણ સ્ત્રીઓને થતી હિંસા અસ્તિત્વમાં હતી જ. એવું બનતુંકે એક સ્ત્રી કુટુંબ જીવનના ત્રાસથી થાકીને, કંટાળીને કે છેવટે હારીને પતિ પક્ષનું ઘર છોડવા મજબૂર બનતી અને તેવા સમયે પોતાના બાળકોને પણ સાથે લઈને ઘર છોડતી. આવી સ્ત્રી ઘણીવાર કેસ પણ પતિ સામે ન કરતી તો તેવા સંજોગોમાં પત્ની સાથે રહેલું બાળક પોતાના પિતાને કોઈ દિવસ મળી શકતું નહીં. સામેપક્ષે એ પિતાને બાળકને મળવાની ઝંખના ન હોય તેવું પણ નહીં પરંતુ કોઈ માધ્યમ અસ્તિત્વમાં નહીં હોવાને કારણે લાંબો સમય તો કયારેક તો જીંદગીભર માતા કે પિતાથી વિખુટું પડેલું બાળક માતા કે પિતાને મળી શકતું નહીં. આવી ઘણી બાબતોને ધ્યાનમાં લઈને ડોમેસ્ટીક વાયોલન્સ એકટમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવેલી છે તે પૈકીની એક જોગવાઈ એટલે સેવા આપનાર સંસ્થાઓ અને રક્ષણ અધિકારીની જોગવાઈ.

ડોમેસ્ટીક વાયોલન્સ એકટ નવો કાયદો ઘડવાનું કારણ પણ અનેક કાયદામાં રહેલી ક્ષતીઓ સુધારીને કુટુંબ સમસ્યાઓનો ઉકેલ સારી રીતે લાવી શકાય તે સંદર્ભેનો જણાય છે અને તેથી જ ડોમેસ્ટીક વાયોલન્સ એકટમાં જે કાયદાકીય જોગવાઈઓ છે તે સમજવી જરૂરી છે. આપણે જોયું કે દરેક જિલ્લામાં રક્ષણ અધિકારીની જોગવાઈ છે તો ચાલો સમજીએ રક્ષણ અધિકારીના ફરજો અને કાર્યો..

કલમ -૯ : રક્ષણ અધિકારીની ફરજો અને કાર્યો

(૧) આ કાયદા અંતર્ગત સક્ષમ મેજીસ્ટ્રેટની પ્રત્યક્ષ કાર્યવાહીમાં મદદરૂપ થઈ અને વિવાદ ગ્રસ્ત બાબતનો નિવેડો લાવવો કે નિરાકરણ લાવવા અર્થે મદદરૂપ થવું.

(૨) ઘરેલું બનાવ અહેવાલ મેજીસ્ટ્રેટને નિયત નમુનામાં આપવો તેમજ એક નકલ જ્યાં ઘરેલું હિંસા થયાનું જણાતાએ વિસ્તારની હકુમતમાં આવતા પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીને અને જે તે વિસ્તારના સેવા પુરી પાડનારી સંસ્થાઓને પણ અહેવાલની એક નકલ આપવી.

(૩) નિયત ફોર્મમાં મેજીસ્ટ્રેટને એક અરજી કરવી જો ભોગ બનનાર વ્યક્તિ રક્ષણ હુકમ માટેની દાદ મેળવવા ઈચ્છતી હોય.

(૪) ભોગ બનનાર વ્યક્તિએ કાનૂની સેવા સત્તા અધિનિયમ, ૧૯૮૭ અંતર્ગત જો કાનૂની સેવા મેળવવા હકકદાર હોય તો મફત કાનૂની સહાય ફરિયાદ જેમાં કરી શકાય તેવું નિર્દિષ્ટ ફોર્મ ભોગ બનનારને વિના મૂલ્યે આપવું.

(૫) મેજીસ્ટ્રેટની હકુમતમાં આવતા સ્થાનિક વિસ્તાર અંતર્ગત આવતા કાઉન્સીલીંગ સેન્ટર તેમજ કાનૂની સહાય, આશ્રય સ્થાન, તબીબી સુવિધા પુરી પાડનારી સંસ્થાઓની એક સૂચિ તૈયાર કરવી.

(૬) આશ્રયસ્થાન સરળતાથી ઉપલબ્ધ બને તે અર્થે વ્યવસ્થા રાખવી તેમજ જો ભોગ બનનાર વ્યક્તિ એવું ઈચ્છતી હોય તો તેણીને આશ્રયસ્થાનમાં આશરો લેવો છે તો આવું આશ્રયસ્થાન જે મેજીસ્ટ્રેટ કે પોલીસ સ્ટેશનની હકુમતમાં આવતું હોય તેને સુપ્રત કરે.

(૭) જો ભોગ બનનાર વ્યક્તિને શારીરિક ઈજાઓ થઈ હોય તો તેની તબીબી તપાસ કરાવી તેનો રીપોર્ટ જયાં ઘરેલું હિંસા ઘટીત થઈ ગોય તે વિસ્તારની હકુમતમાં આવતા પોલીસ સ્ટેશન તેમજ મેજીસ્ટ્રેટને સુપ્રત કરવી.

(૮) એવી ખાતરી કરવાની રહેશે કે, ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની નિર્દિષ્ટ વિધિ અનુસાર કલમ-૨૦ નીચેની નાણાંકીય મદદનો હુકમ થયો છે અર્થાત્ હુકમની બજવણી એ પ્રમાણે જ થયો છે.

(૯)આ ફરજો રાજય સરકારે ઘડેલા કાયદામાં જણાવ્યા મુજબ બજાવવાની રહેશે.

(૧૦) રક્ષણ અધિકારી મેજીસ્ટ્રેટના નિયંત્રણ અને દેખરેખ હેઠળ કાર્ય કરશે તેમજ આ કાયદા પ્રમાણે રાજય સરકારે ઘડેલ નીતી નિયમો પ્રમાણે તેમજ મેજીસ્ટ્રેટ નક્કી કરેલ રક્ષણ અધિકારી બજાવવાની થતી ફરજો અદા કરશે.

કલમના વિવરણ અને મહિલા સંદર્ભેની કાયદાકીય જોગવાઈઓ તથા રક્ષણાત્મક પગલાઓ સાથે મળીએ આવતે અંકે...